જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૭/૦૨/૨૦૨૩ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૩૦૪/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૯ કેસ કરી, ૭૯ વ્યક્તિઓને ઝડપી, ૨૩૯ લીટર દેશી દારૂ, ૬૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૦૮ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૨૦ બિયર ટીન, ૬ સ્કુટર, ૧ મોટર સાયકલ અને ૧ રીક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૧ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૩,૫૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૩૦૫/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ ૫ અને પાસા હેઠળ ૧૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૩૦૬/૨૦૨૩

**ઓઢવઃ** (૧) વિક્રમસિંહ શાલમસિંહ રાજપુત (રહે.જેસલપાર્ક સોસાયટી, કમલપાર્ક સામે અંબિકાનગર ઓઢવ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૫/૦૨/૨૦૨૩ રાતના ૧૦/૦૦ થી તા.૧૬/૦૨/૨૦૨૩ સવારના ૯/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ઓઢવ અંબિકાનગર કમલપાર્ક સામે જેસલપાર્ક સોસાયટી નીચેના માળે આવેલ “કર્ણાવતી એન્ટરપ્રાઇઝ” નામના પોતાના કારખાનાના દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ કારખાનામાં પ્રવેશ કરી, તિજોરીમાંથી ચાંદીના સિકકા અને રોકડ રૂપિયા ૪૭,૫૦૦/- મળી કુલ રૂપિયા ૫૦,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.કે.ડામોર ચલાવે છે.

**ઓઢવઃ** (૨) પ્રશાંતભાઇ હરીશંકરભાઇ શાહુ (રહે,સ્મૃતિપાર્ક સોસાયટી, અંબિકાનગર ઓઢવ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૫/૦૨/૨૦૨૩ રાતના ૧૧/૦૦ થી તા.૧૬/૦૨/૨૦૨૩ સવારના ૩/૫૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ઓઢવ અંબિકાનગર ખાતે પુનમ બેકરીની સામે આવેલ “વૈભવ લક્ષ્મી” નામના અમુલ પાર્લરના શટર તોડી, અજાણી વ્યક્તિ પાર્લરમાં પ્રવેશ કરી કાઉન્ટર ટેબલના ખાનામાંથી રોકડ રૂપિયા ૫૦,૦૦૦/- ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.કે.ડામોર ચલાવે છે.

**લુંટઃ-** **સમાચાર યાદી નં.૩૦૭/૨૦૨૩**

**કાગડાપીઠઃ** મિલનભાઇ દિનેશભાઇ મોરખીયા (ઉ.વ.૩૫)(રહે.આગમન ફલેટ, પ્રીતમનગર અખાડા સામે, પાલડી) એ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૫/૦૨/૨૦૨૩ કલાક ૧૧/૪૫ વાગ્યાના સુમારે સીટી સેન્ટર-૦૨ ના ગેટ બહાર મિલનભાઇ પોતાના ભાઇ કૃણાલ સાથે મોટર સાયકલ ચલાવી પસાર થઇ રહ્યા હતા ત્યારે એક ઓટોરીક્ષામાં આવેલ ચાર થી પાંચ અજાણ્યા પુરૂષ તથા એકટીવા ઉપર આવેલ એક પુરૂષે ભેગામળી હોકી તથા લાકડી વડે મારા-મારી કરી, મિલનભાઇના પેન્ટના ખીસામાંથી રોકડ રૂપિયા ૪૫,૦૦૦/- તથા ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૭૫,૦૦૦/- તેમજ કૃણાલભાઇના ગળામાંથી સોનાની ચેઇન અને સોનાની લકી કિંમત રૂપિયા ૨,૦૦,૦૦૦/- લુંટ કરી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એચ.સી.ઝાલા ચલાવે છે.

**ચોથા માળેથી પડી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૩૦૮/૨૦૨૩**

**નિકોલઃ** રમેશભાઇ નરસિંહભાઇ ઝાલા (ઉ.વ.૩૮) (રહે. ચામુંડાની ચાલી રેલવે સ્ટેશનની બાજુમા નરોડા) તા.૧૬/૦૨/૨૦૨૩ સાંજના ૪/૪૫ વાગ્યાના સુમારે નિકોલ ભગવત એલિજિયમ ફ્લેટના ચોથા માળે ફેબ્રિકેશનનું કામ કરતા હતા ત્યારે ચોથા માળેથી નીચે પડી જતા ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેમને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જગમલભાઇ સુકાજી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૩૦૯/૨૦૨૩**

**અમરાઇવાડીઃ** (૧) રાજેશ ઉર્ફે રાજુ સ/ઓ હરીશભાઇ સાગઠીયા (ઉ.વ.૨૧)(રહે.જોગમાયાનગર ચાંમુડામાતા મંદીર પાસે મહાલક્ષ્મીનગર સામે અમરાઇવાડી) એ અગમ્ય કારણસર તા.૧૬/૦૨/૨૦૨૩ બપોરના ૧/૨૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મુકેશભાઇ જીવણભાઇ ચલાવે છે.

**અમરાઇવાડીઃ** (૨) કપીલકુમાર વિસ્વાનાથસિંઘ (ઉ.વ.૪૦)(રહે. સોસાયટીની ચાલી મેટ્રો પિલ્લર નંબર-૨૦ સામે ન્યુ કોટન રોડ અમરાઈવાડી) એ અગમ્ય કારણસર તા.૧૬/૦૨/૨૦૨૩ બપોરના ૧/૫૦ વાગ્યા પહેલા પોતાના ઘરે છતના હુકમાં દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મુકેશભાઇ જીવણભાઇ ચલાવે છે.

**રીવરફ્રન્ટ ઇસ્ટ**: રાજેશસિંહ રનધીરસિંહ ગોહીલ (ઉ.વ.૪૨)(રહે.ગણેશ સોસાયટી શાહપુર દરવાજા બહાર) એ અગમ્ય કારણસર તા.૧૬/૦૨/૨૦૨૩ સાંજના ૪/૧૫ વાગ્યા પહેલા ગાંધીબ્રીજ અને દધીચીબ્રીજ વચ્ચે ઘાટ નંબર-૭ વોક-વે નજીક સાબરમતી નદીમા ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ ઇસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કૃષ્ણસિંહ બહારદુરસિંહ ચલાવે છે.

**રામોલ**: નિકુલભાઇ રમેશભાઇ બોરકર (ઉ.વ.૩૨)(રહે,સોમનાથનગર વિભાગ-૦૨, કાશી વિધ્યાલય પાછળ આર.ટી.ઓ.રોડ વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.૧૬/૦૨/૨૦૨૩ સવારના ૧૦/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી મણીલાલ ચંદુભાઇ ચલાવે છે.

**વટવા**: પરમેશ્વરી ડો/ઓ બાબુભાઇ દેહદા (ઉ.વ.૧૬)(રહે.રાઘે રેસીડન્સી રોપડા ચાર રસ્તા પાસે વટવા) એ અગમ્ય કારણસર તા.૧૫/૦૨/૨૦૨૩ કલાક ૬/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે હુક સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી સી.એસ.રબારી ચલાવે છે.

**નારોલ**: વિશુનપ્રતાપસિંહ મુન્નુસિંહ રાઠોર (ઉ.વ.૩૦)(રહે.કિર્તીનગર, રંગોલીનગર નારોલ) એ અગમ્ય કારણસર તા.૧૬/૦૨/૨૦૨૩ સાંજના ૪/૧૫ વાગ્યા પહેલા પોતાના ઘરે રસોડામાં પંખા સાથે ચાદર બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રવિન્દ્રસિંહ ભગવતસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી